# ઘ માર્ગ પર અકસ્માત : પ્રૌઢનું મોત

## સે-૧૭માંથી ઘ-૪ તરફ સાયકલ લઈને જઈ રહેલા સે-૨૩ સુવિધા કચેરીના કર્મચારી એસ.ટી. બસની ટકકરથી ડીવાઈડર પર ફેંકાઈ ગયા હતા

ગાંધીનગર, તા.૧૨

શહેરના ઘ માર્ગ પર આજે સવારના અરસામાં એક સાયકલ ચાલક પ્રૌઢને ધમસમતી આવતી એસ.ટી. બસે ટકકર મારતા સાયકલ ચાલક પ્રૌઢનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૨૩ સુવિધા કચેરીમાં નોકરી કરતા આ સાયકલ ચાલક પ્રૌઢ સાયકલ લઈને સે-૧૭માંથી ઘ-૪ તરફ જવા વળ્યા હતા ત્યારે બસે અડફેટે ચઢાવતા ગંભીર રીતે ઘવાયા હતા અને તેમનું મૃત્યુ નિપજયું હતું. પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૭ એકતા સોસાયટીના મકાન નં. ૬૫૧ ખાતે રહેતા પદમાજી ચમનાજી ભાટી (ઉ.વ. ૫૫) સેકટર-૩ સુવિધા કચેરીમાં કડીયા કામ સંલગ્ન નોકરી કરતા હતા. આજે સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં તેઓ પોતાની સાયકલ લઈને સે-૧૭ના આંતરીક માર્ગ થઈને ઘ-૪ તરફ જવા નીકળ્યા અને ઘ માર્ગનો વળાંક લીધો ત્યારે ઘ-૫ થી ઘ-૪ તરફ બેફામ ગતિએ આવી રહેલી સુઈ ગામ-ગાંધીનગર રૂટની બસ નં. જીજે ૧૮ વાય ૮૫૯૩એ સાયકલને અડફેટે લઈ લીધી હતી. બસની ટકકરથી સાયકલ સાથે પદમાજી ડીવાઈડર ઉપર ફેંકાઈને પટકાયા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા ઘટના સ્થળ પર લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતા. આ મામલે ગાંધીનગર શહેર પોલીસે બસ ચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી તપાસ આરંભી છે.



## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન મૃતિકા કલા કૌશલ્યના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦થી ૭.૧૫ કલાક દરમિયાન સાવન ભાદો મનોરથના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શણના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ઉમેશભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૫૨, સહકાર કોલોની, સે-૨૫ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બિપીનભાઈ જાનીના નિવાસસ્થાન બ્લોક નં. ૧૧૦/૧, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા હિતેશભાઈ પંડયાના નિવાસસ્થાન એન-૧૨૫, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ મોરપીંછના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● રેશનલ સમાજ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, સે-૨૩ ખાતે માસિક બેઠક યોજાશે.

● મીરા ભજન મંડળી સે-૬-બી દ્વારા સે-૩-ડીના રામજી મંદિર ખાતે શનિવારના રોજ બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન ભજન યોજાશે.



**સેકટર-૨૩ સ્વમિનારાયણ મંદિરમાં ચાલી રહેલા હિંડોળા મહોત્સવ અંતર્ગત માટીમાંથી બનાવેલા અદભૂત કલા કૌશલ્ય હિંડોળાનું સર્જન કરવામાં આવ્યું છે. આ હિંડોળાના દર્શન શનિવારે સાંજે ૫ થી ૮.૧૫ સુધી અને રવિવારે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવશે.**

## સિસિકા દ્વારા વિશિષ્ટ સિધ્ધિ એવોર્ડ-૨૦૧૬નું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દર વર્ષે વિવિધ ક્ષેત્રો જેવા કે સાહસ, શૌર્ય, સમર્પણ, શિક્ષણ, રમતગમત તથા પ્રમાણિકતામાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા શહેરના નાગરિકોનું રૌપ્ય ચંદ્રક અને સન્માનપત્ર આપી સન્માન કરે છે.

વર્ષ ૨૦૧૫-૧૬ના સમયગાળા દરમિયાન જે કંઈ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા નાગરિકોએ મેળવેલ સિધ્ધિના આધાર સહિતની માહિતી, મોકલવાની રહેશે. જેમાં પોતાનું નામ, સરનામું, ટેલીફોન નંબર, ફોટોગ્રાફ સહિતની વિગતો તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં સિસિકાના કાર્યાલય ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે જમા કરાવવાની રહેશે.

# ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા ભૂપેન્દ્રસિંહનું અભિવાદન

ગાંધીનગર, તા.૧૨

શિક્ષણ અને મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસાએ જણાવ્યું હતું કે દરેક સમાજના સમાન વિકાસથી રાજય અને દેશની વિકાસ યાત્રાનો હરણફાળ વિકાસ થઈ રહ્યો છે. તેમાંય ખાસ કરીને શિક્ષણનો વ્યાપક દરેક સમાજમાં થયો છે તે આનંદની વાત છે.



ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના આગેવાનો દ્વારા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો સત્કાર અભિવાદન સમારોહ આજે યોજાયો હતો તેમાં મંત્રીશ્રીએ ઉપર મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજપુત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ, તાલુકા સદસ્ય જશુજી પરમાર, નટુભા વાઘેલા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, અંબુસિંહ ગોલ, રાધેશ્યામ રાઠોડ, વિનોદ રાઠોડ, ભૂપતસિંહ સગર, પૂર્વ તાલુકા અધ્યક્ષ અમરસિંહ ગોલ, ધર્મેન્દ્રસિંહ કુમ્પાવત, ડૉ. રાકેશ ભટ્ટ વિગેરેએ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું શાલ ઓઢાડી ફુલહાર કરી અભિવાદન કરી ચુડાસમાને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ તેવી સૌએ આશા વ્યકત કરી હતી. શિક્ષણ અને મહેસુલ ક્ષેત્રે રાજયના થયેલા વિકાસની સૌએ સાથે મળી ચર્ચા કરી હતી. આ પ્રસંગે સિનિયર પત્રકાર વિનોદ રાઠોડે આભારવિધિ કરી હતી.

## વાતવાતમાં

● સેકટર-૧૬માં ગુરુવારે મોડી રાત્રિએ તસ્કરોએ એક ગલ્લાને નિશાન બનાવી તેનું તાળુ તોડયું હતું. આ ગલ્લામાંથી કોઈ માલ સામાનના બદલે તસ્કરોએ માત્ર રૂ. ૩૦૦ રોકડ પડી હતી તેની ચોરી કરી હતી.

● સે-૧૦માં સ્થિત પાણી પુરવઠા બોર્ડની કચેરીએ તા. ૧૫મી ઓગષ્ટે સ્વતંત્રતા દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં શહેરની અંધશાળાના બાળકો પણ સામેલ થઈ તેમનું પરફોર્મન્સ આપશે.

● શનિવારે સવારે શહેરના ગુંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા સે-૧૩ની સરકારી પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ગુંજ ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધી છેલ્લા એક માસમાં ચાર પ્રાથમિક શાળાઓમાં આયોજિત કરી એક હજારથી વધુ બાળકોને વ્યસનના ગેરફાયદા સમજાવી વ્યસનથી દૂર રહેવાના શપથ લેવડાવી ચુકયું છે.

● શનિવારથી બેંકોમાં સળંગ ત્રણ દિવસની રજાઓના પગલે તેમજ આગામી સપ્તાહમાં આવી રહેલ સરકારી રજાઓના કારણે શુક્રવારે શહેરની બેંકોમાં ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

## મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૭૦મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૧૫મી ઓગષ્ટના રોજ સવારે ૯.૩૦ કલાકે સે-૧૧, બહુમાળી ભવન ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરાશે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીએ નાગરિકોને હાજર રહેવા જણાવ્યું છે.



ગાંધીનગર-ઈન્દીરા બ્રીજ માર્ગ પર સ્થિત કોટેશ્વર ગામમાં રસ્તો ભુલી ગયેલો કન્ટેનરનો ડ્રાઈવર કન્ટેનર સાથે જતો રહ્યો હતો. કોટેશ્વર ગામ તરફ જવાના માર્ગ પર ઘુસી ગયા બાદ ટાટા સુમો ભરેલી લાંબી કન્ટેનર પાછી વાળવા ડ્રાઈવરે પ્રયત્ન કર્યો પરંતુ રીવર્સ મારવા જતા કન્ટેનર રસ્તાની સાઈડના ખાડામાં ઘુસી ગયું હતું. પાછળના ટાયર ખાડામાં ઘુસી જતા ગામમાં અવર વજરનો રસ્તો મહદ અંશે બ્લોક થઈ ગયો હતો. સવારથી ૧૦ કલાક આ રસ્તો બ્લોક રહ્યો. અંતે કેઈન બોલાવીને કન્ટેનરને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યું હતું.

## સે-૨માં રહેતો પરિણીત યુવાન લાપતા

ગાંધીનગર શહેરના સે-૨-સી પ્લોટ નં. ૮૮૫/૨ ખાતે રહેતા ૪૧ વર્ષીય પરિણીત યુવાન અસીતકુમાર નટવરપુરી ગોસ્વામી ગઈ કાલે સાંજે સાડા સાત વાગે ઘરેથી નીકળ્યા બાદ પરત ફર્યા નથી. રાતભર પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ તમનો પત્તો ન લાગતા તેમની પત્નિ મનિષાબેને સે-૭ પોલીસ મથકમાં પતિ ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવી છે.પોલીસે લાપતા અસીતકુમારની શોધખોળ આરંભી છે. તેમણે શરીરે ગ્રે કલરનો શર્ટ અને બ્લેક પેન્ટ પહેરેલું છે અને પોતે ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષા જાણે છે.





ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા પરમેનન્ટ પ્રોજેકટ અંતર્ગત કુહા ગામ સ્થિત કુહા કેળવણી મંડળને ભાવનાબેન પટેલ તરફથી પચીસ હજારનું અનુદાન આપવામાં આવ્યું હતું. કેળવણી મંડળના સમગ્ર વર્ષના નાસ્તા માટે, બાળકોને પ્લાસ્ટિકની ખુરશીઓ અને ટ્રાઈસિકલ તેમજ રમકડાઓ આપવા માટે પંદર હજારનું દાન કરાયું હતું તથા બાળકોને કુપોષણથી બચવા ફ્રુટ તેમજ સુકા મેવા માટે પાંચ હજાર રોકડા પણ આપવામાં આવ્યા હતા.

આ સેવા કાર્યમાં પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મિતલબેન રાણા, એરીયા કો. ચેરપર્સન વૈશાલીબેન જોષી તથા કલબની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

## પેથાપુર રામજી મંદિર ખાતે ઓચ્છવ કિર્તન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

રામજી મંદિર ટ્રસ્ટ પેથાપુર દ્વારા આગામી તા. ૧૪ થી ૨૦ ઓગષ્ટ દરમિયાન પેથાપુરના રામજી મંદિર ખાતે ઓચ્છવ કિર્તનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઓચ્છવ પ્રિય સર્વેને આ હિંડોળા ઉત્સવના ભાગરૂપ પૌરાણિક કિર્તનના તાલે ગાવા-વગાડવા તથા મૃદંગના તાલે પ્રભુની ભકિતનો લાભ લેવા અને લુપ્ત થતી કલા સાથે જોડાઈ આનંદ માણવા કિર્તનના રસિકજનોને તથા ઓચ્છવ મંડળના સભ્યોને પધારવા ડાહ્યાભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

# અડાલજની મોબાઈલ દુકાનમાં થયલી ચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૧૨

અડાલજ ખાતે સ્થિત એક મોબાઈલ ની દુકાનમાં પખવાડીયા પહેલા રૂ. ૧૪ હજાર રોકડાની ચોરી થવા પામી હતી. આ ગુના સંદર્ભે સીસીટીવી ફુટેજ મેળવીને ગાંધીનગર એસઓજીની ટીમે દુકાનમાં ઘુસીને ડ્રોઅર ખોલીને ચોરી કરી જનાર રાયસણના શખ્સને દબોચી લીધો છે. રૂ. ૧૪ હજાર ચોરી કર્યા બાદ તે શખ્સે પોતાના ઘરે જ એક ડબ્બામાં સંતાડીને મુકી દીધા હતા તે રૂપિયાનું બંડલ રીકવર કરી લેવામાં આવ્યું છે.

૨૮ જુલાઈના રોજ અડાલજ સ્થિત મહાવીર મોબાઈલ સેન્ટર ખાતે ડ્રોઅરમાંથી રૂ. ૧૪ હજારની ચોરી થવા પામી હતી. દુકાનદાર મીનીટો માટે દુકાનની બહાર ગયો ત્યારે એક શખ્સ દુકાનમાં ગયો અને અંદર ઘુસીને કાઉન્ટરનું ડ્રોઅર ખોલી રૂ.૧૪ હજાર ઉપાડી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. એસઓજી પી.આઈ.પરાગ ચૌહાણની સુચનાથી પી.આઈ.એમ.આર. પુવાર, એએસઆઈ ગૌતમભાઈ, સીરાજખાન, જયંતિભાઈ સહિતની ટીમે સીસીટીવી ફુટેજ તપાસી ચોરી કરનાર શખ્સને દબોચી લીધો છે. રાયસણ ગામની સીમમાં સ્થિત ઉમિયા નર્સરીમાં રહેતો પ્રધાન તેજા મકવાણાને ટીમે પકડી પાડયો છે. સઘન પુછતાછમાં આ શખ્સે ચોરીની કબુલાત કરી લીધી છે તે શખ્સ હેન્ડસફ્રી લેવા માટે મોબાઈલની દુકાને ગયો હતો પરંતુ દુકાનદાર બહાર ગયો હોવાથી તકનો લાભ લઈ તેણે ચોરી કરી લીધી હતી. ચોરીના રૂપિયાનું બંડલ તેણે પોતાના ઘરમાં એક ડબ્બામાં સંતાડી મુકયું હતું. આ બંડલ પણ એસઓજીની ટીમે રીકવર કરી લીધું છે.



# સમયનો સદુપયોગ થાય તે માટે સ્માર્ટ વર્ક જરૂરી

## કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા દત્તક લેવાયેલ સરકારી માધ્યમિક શાળાઓના ધો-૧૦ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ માર્ગદર્શન સેમિનારમાં ડૉ. સોમભાઈ પટેલે વિદ્યાર્થીઓને સ્માર્ટ વર્કની શીખ આપી

ગાંધીનગર, તા.૧૨

'વિજળી જેમ અંધકારને ચીરી નાંખે છે તેમ શિક્ષણ એ માનવીમાં રહેલા અજ્ઞાન રૂપી અંધકારને ચીરી નાંખે છે. આજના યુગમાં વિદ્યાર્થીઓએ સમયનો સદઉપયોગ થાય તેવું સ્માર્ટ વર્ક કરવું જોઈએ જે આ સેમિનારમાં શિખવવામાં આવશે.' ગાંધીનગરની ચાર સરકારી માધ્યમિક શાળાઓના ધો-૧૦માં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે શાળાઓને દત્તક લેનાર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા એક માર્ગદર્શન સેમિનાર આજે યોજવામાં આવ્યો હતો. તેમાં કડી સંકુલના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલે ઉપરોકત શબ્દો કહ્યા હતા. આજના સેમિનારમાં આશરે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

કડી સંકુલના ફાર્મસી કોલેજમાં બ્રહ્માણી કૃપા હોલ ખાતે સવારે ૧૦.૩૦ વાગે યોજાયેલ સેમિનારમાં કડી સંકુલની વિવિધ માધ્યમિક શાળાઓના વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા સરકારી માધ્યમિક શાળાના બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આગામી બોર્ડની પરીક્ષામાં સરકારી શાળાના વિદ્યાર્થીઓનું પરિણામ સુધરે તે હેતુથી યોજાયેલ આ સેમિનારમાં ગાંધીનગરના સે-૭ની સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યા મંદિર, સે-૨૦ની સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, સે-૧૬ની મહાત્મા ગાંધી વિનય વિદ્યા મંદિર અને પાલજની ડૉ. વિક્રમ સારાભાઈ સરકારી માધ્યમિક શાળાના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં ગુજરાતી વિષય માટે આર.સી. હાઈસ્કૂલના શીતલબેન, વિજ્ઞાન માટે આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલના ગીતેશભાઈ, અંગ્રેજી માટે સી.એમ. હાઈસ્કૂલના એમ.પી. વડાલીયા, ગણિત માટે આર.સી. હાઈસ્કૂલના મહેશભાઈ તથા સામાજિક વિજ્ઞાન માટે સી.એમ. હાઈસ્કૂલના એચ.એમ.અસારીએ બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કૌશલ્યાબેન પટેલે કર્યું હતું.



## જૈન સોશ્યલ ગ્રુપ ઉવારસદમાં સ્વાતંત્ર્ય દિન ઉજવશે

ગાંધીનગર, તા.૧૨

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરએ આપણા ગૌરવપૂર્ણ સ્વતંત્રતા દિવસની ઉજવણીનું આયોજન સદવિચાર પરિવાર સંચાલિત સામજિક ક્ષેત્રે ઉદાહરણરૂપ કાર્ય કરનાર સંસ્થા વિકલાંગ પુનઃવસન કેન્દ્ર, ઉવારસદ ખાતે કરેલ છે. જેમાં પર્વની ઉજવણી વિશેષ ક્ષમતા ધરાવતા આ કેન્દ્રના બાળકોના સાન્નિધ્યમાં ધ્વજવંદન તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કરવામાં આવશે. વધુમાં ગ્રુપના સભ્યો-બાળકો તથા કેન્દ્રના બાળકો માટે અહિંસા પોસ્ટર સ્પર્ધાનું પણ આયોજન કરાયું છે સાથે નવકારશી અને બપોરના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે તો આ કાર્યક્રમમાં ભાગ લેવા દરેક સભ્યને પ્રમુખશ્રી પારસભાઈ સંઘવીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જીવુબેન શનાભાઈ સલાટ, ઉ.વ. ૩૮
- સ્વ. કાન્તિજી રામાજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. બારીયા જયંતિભાઈ કોદરભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. મુકેશભાઈ રમણભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. પટેલ જીવીબેન રમણભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. નરસિંહભાઈ નાનજીભાઈ મકવાણા, ઉ.વ. ૭૦